ગડકરીનું રાજીનામું માગતા યશવંત સિંહા

નવી દિલ્હી,તા. ૨૦

ભાજપ પ્રમુખ નીતિન ગડકરી માટે વધુ સમસ્યા ઉભી થઈ ગઈ છે કારણ કે પક્ષના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ નાણાંમંત્રી યશવંત સિંહાએ પણ આજે તેમના રાજીનામાની માંગણી કરી હતી અને કહ્યુ હતુ કે ગડકરીએ ભાજપ પ્રમુખ તરીકે રાજીનામુ આપવું જોઈએ. યશવંત સિંહાનું કહેવું છે કે જાહેર જીવનમાં શંકાથી દૂર હોવાની બાબત ખુબજ મહત્વપૂર્ણ છે. યશવંત સિંહાની માંગથી માત્ર ગડકરીની જ નહીંબલકે ભાજપના ટોચના નેતાઓની પણ ઉંઘ હરામ થઈ ગઈ છે.

એક ટીવી ચેનલ સાથેની વાતચીતમાં યશવંત સિંહાએ કહ્યુ હતુ કે ગડકરી દોષિત છે કે નહીં તે બાબત વધારે મહત્વપૂર્ણ નથી પરંતુ જાહેર જીવનમાં સ્વચ્છ પ્રતિષ્ઠા જરૂરી બની ગઈ છે. ગડકરી નિર્દોષ નીકળશે કે પછી દોષિત આવશે તે બાબત વધારે મહત્વપૂર્મ નથી પરંતુ હાલમાં તેઓ રાજીનામુ આપવું જોઈએ. ભાજપના અન્ય નેતાઓએ આ સંબંધમાં હજુસુધી કોઈ પ્રતિક્રિયા આપી નથી. માત્ર બે સપ્તાહ અગાઉ જ ભાજપના રાજયસભાના સાંસદ અને જાણીતા વકીલ રામ જેઠમલાણી અને જગદીશ સેત્તારે પણ આવી જ માંગણી કરી હતી અને કહ્યુ હતુ કે

ગડકરીએ સ્વૈચ્છિકરીતે રાજીનામુ આપી દેવું જોઈએ કારણ કે ભાજપ વડા હજુ ભ્રષ્ટાચારના આક્ષેપોમાંથી નિર્દોષ છુટે તેની રાહ જોઈ રહ્યા છે. યશવંતસિંહા એવા ત્રીજા વરિષ્ઠનેતા છે જે ગડકરીના રાજીનામાની માંગણી કરી ચુકયા છે જેથી ભાજપની કેન્દ્રિય નેતાગીરી પર દબાણ દિનપ્રતિદિન વધી રહ્યુ છે. તેની સાથે જોડાયેલા આરએસએસ દ્વારા પણ હાલમાં પ્રતિક્રિયા આપી હતી. અયોગ્ય વેપારી કારોબાર અને નાણાંકીય ગેરરીતિના આક્ષેપો થયા બાદ ગડકરી મુશ્કેલીમાં આવી ગયા છે. તેમની કંપની પૂર્તિ પાવર અને સુગર પ્રાઈવેટ લીમીટેડ સામે નાણાંકીય અયોગ્યતાના આક્ષેપો થઈ ચુકયા છે. જો કે ગડકરીએ તેમની સામે કરવામાં આવેલા તમામ આક્ષેપોને રદિયો આપ્યો છે અને કહ્યુ છે કે તેઓએ કોઈ ખોટુ કામ કર્યુ નથી. ગડકરીને હાલમાં જ ભાજપ કોરગ્રુપ તરફથી રાહત મળી ગઈ હતી. આરએસએસના વિચારક એસ ગુરુ મુર્તિએ ગડકરીનો બચાવ કર્યો હતો અને કહ્યુ હતુ કે કોઈના પણ દ્વારા તપાસ માટે ગડકરી પહેલાથી જ તૈયાર દેખાઈ રહ્યા છે. દરમિયાન જગદીશ સેત્તારે અડવાણીનો દાખલો રજુ કર્યો છે. અડવાણીએ હવાલા મામલામાં આરોપો મુકવામાં આવ્યા બાદ રાજીનામુ આપી દીધુ હતુ. સેત્તાર પહેલા ભાજપના રાજયસભાના સભ્ય રામ જેઠમલાણી અને તેમના પુત્ર મહેશ પણ ગડકરીના રાજીનામાની માંગણી કરી ચુકયા છે. આ બંનેએ કહ્યુ હતુ કે તેમની સામે આરોપો મુકવામાં આવ્યા બાદ પક્ષને નુકસાન થઈ રહ્યુ છે. જેઠમલાણીએ એમ પણ કહ્યુ હતુ કે જશવંતસિંહ, શત્રુઘ્નસિંહા જેવા અન્ય નેતાઓ પણ તેમના દાવાને ટેકો આપે છે. આગામી દિવસોમાં નીતિન ગડકરીને લઈને ભાજપને કેટલાક કઠોર નિર્ણયો કરવાની ફરજ પડી શકે છે.

સમાચાર ઝલક

- બિહારમાં છઠ્ઠ પૂજા વેળા નાસભાગ થતાં ૨૦ શ્રધ્ધાળુઓનાં મોત.
- આજે સર્વપક્ષીય બેઠક યોજાશે, શિયાળુ સત્ર પહેલાં ગુંચવણ દૂર કરવા પ્રયાસ.
- ફિલ્મ અભિનેતા શશીકપૂર અને પ્રાણની તબિયત નાજુક.
- ફિલ્મ અભિનેતા દિલીપકુમાર પોતાનાં ૯૦માં જન્મદિનની ઉજવણી કરશે નહિ.
- વિરપુર ભણી ભાવિકોનો પ્રવાહ, ત્રણ લાખ લોકો ભોજન પ્રસાદ લેશે, જલારામધામે લાખો ભક્તો ઉમટ્યાં.
- ભારતમાં ડેન્ગ્યુ વિરોધી રસીનું પરીક્ષણ કરશે.
- સુનિતા વિલિયમ્સનો ૩૨૨ દિવસ સુધી અંતરીક્ષમાં રહેનાર મહિલા તરીકેનો રેકોર્ડ.
- રાજકોટ કોર્ટ સંકુલમાં સૂરતના ૩ પોલીસ કર્મીઓ લાંચના છટકામાં ઝડપાયા.
- ભારતમાં ૪૪ લાખ લોકોને ડાયાબિટીસ હોવાની જાણ નથી, આરોગ્યક્ષેત્રે ગંભીર પરિસ્થિતિ.
- ઇંટ ઉત્પાદકો દ્વારા ગુરૂવારે દિલ્હીમાં ધરણાં.
- ૨,૦૦૦ કરોડની સંપત્તિ માટે નિઝામની દીકરી અદાલતમાં દાદ માગશે.
- પાસપોર્ટ અને રોકડની ઉંઠાતરી થતાંથી અમદાવાદનાં પાંચ વૃધ્ધો પાકિસ્તાન અટવાતા તેમને છોડાવવા અપીલ.

રિટેલમાં એફડીઆઈનો વિરોધ

અવિશ્વાસ દરખાસ્ત અંગે જયા પણ ભારે દુવિધામાં

ચેન્નઈ,તા. ૨૦

તમિળનાડુના મુખ્યમંત્રી જયલલિતા સંસદના શિયાળુસત્ર માટે તૈયાર થઈ રહેલી વ્યૂહરચના પર ચાંપતી નજર રાખી રહ્યા છે. જયલલિતાએ યુપીએ સરકાર સામે લાવવામાં આવનાર અવિશ્વાસની દરખાસ્ત અંગે હજુ સુધી કોઈ નિર્ણય કર્યો નથી. જયલલિતાએ આજે કહ્યુ હતુ કે ટીએમસીના નેતા મમતા બેનર્જી દ્વારા યુપીએ સરકાર સામેની સૂચિત અવિશ્વાસની દરખાસ્ત અંગે હજુ કોઈ નિર્ણય કરવામાં આવ્યો નથી. જયલલિતાએ માહિતી આપતા કહ્યુ છે કે હજુસુધી કોઈ પણ પાર્ટી દ્વારા તેનો સંપર્ક કરવામાં આવ્યો નથી.

સંખ્યા પર નિર્ણય આધારિત રહેશે. જયલલિતાએ કહ્યુ છે કે જો અવિશ્વાસની દરખાસ્તના સંબંધમાં ચર્ચા થશે તો કેટલીક પાર્ટીઓ આવી રહી છે અને કોણ દરખાસ્તને ટેકો આપનાર છે તે અંગે માહિતી મેળવી લીધા બાદ જ અંતિમ નિર્ણય લેવાશે. સંસદના શિયાળુસત્ર માટે અન્નાદ્રમુકની વ્યૂહરચના અંગે સાંસદોની બેઠક બાદ જયલલિતાએ કહ્યુ હતુ કે તેમની પાર્ટી નવ સભ્યો લોકસભામાં ધરાવે છે. રિટેલમાં એફડીઆઈનો તેમની પાર્ટી વિરોધ કરશે. સ્પષ્ટ નિવેદન આ સંબંધમાં આપી દેવામાં આવ્યું છે. તમિળનાડુમાં રિટેલમાં એફડીઆઈને મંજુરી આપવામાં આવશે નહીં. પક્ષના વલણમાં કોઈ ફેરફાર નહીં થાય. વહેલી તકે લોકસભાની ચૂંટણી અંગે પુછવામાં આવતા જયલલિતાએ કહ્યુ હતુ કે તેમની પાર્ટી આનું સ્વાગત કરે છે. પક્ષ કોઈ પણ સમયે ચૂંટણી માટે તૈયાર છે. ટોચના હોદ્દા માટે પોતાના ઉમેદવારની પસંદગી કરવામાં અને વડાપ્રધાનપદના ઉમેદવાની પસંદગી કરવામાં કોંગ્રેસને અધિકાર છે.

સંસદની કામગીરી અંગે આજે સર્વપક્ષીય મિટિંગ

નવી દિલ્હી,તા. ૨૦

લોકસભાના અધ્યક્ષ મીરાકુમારે ૨૨મી નવેમ્બરથી શરૂ થઈ રહેલા સંસદના શિયાળુસત્ર દરમિયાન સંસદની કામગીરી વધુ સારી રીતે ચાલે તે માટે વ્યૂહરચના ઘડી કાઢવા આવતીકાલે બુધવારે જુદાજુદા રાજકીય પક્ષોના નેતાઓની મહત્વપૂર્ણ બેઠક બોલાવી છે. શિયાળુસત્ર ૨૨મી નવેમ્બરથી શરૂ થયા બાદ ૨૦મી ડિસેમ્બર સુધી ચાલશે. અધ્યક્ષ બુધવારે લોકસભામાં પક્ષોના નેતાઓને મળશે. તેમની ઓફિસમાંથી જારી કરવામાં આવેલા એક નિવેદનમાં આજે આ મુજબની વાત કરવામાં આવી હતી. સત્તાવાર ઓડિટર દ્વારા જણાવવામાં આવ્યું છે કે અધ્યક્ષે સંસદની કામગીરી યોગ્યરીતે ચાલે તે માટે પગલા લેવા કવાયત હાથ ધરી છે. અગાઉના મોનસૂન સત્રમાં કામગીરી ખોરવાઈ ગઈ હતી. ૨૦ કારોબારી સેશન પૈકીના ૧૩ સેશન ખોરવાઈ ગયા હતા. કોલસા બ્લોક ફાળવણીના મામલે ભાજપ દ્વારા ભારે ધાંધલ ધમાલ મચાવવામાં આવી હતી.

રાજ-ઉદ્ધવ ઠાકરે ઉપર હાથ મિલાવવા માટે વધતું દબાણ

મુંબઈ,તા. ૨૦

શિવસેના અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના સભ્યોએ તેમના મતભેદોને દફનાવી દઈને હાથ મિલાવવા રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરેને અપીલ કરી છે. બાલ ઠાકરેના અવસાન થઈ ગયા બાદ હવે શિવસેનાને વધુ મજબૂત કરવાના હેતુસર બે લડી રહેલા સગા કઝીન ઉદ્ધવ અને રાજને હાથ મિલાવી દેવા કહેવામાં આવ્યું છે. એક જ રાજકીય મોરચે આગળ આવવા બંનેને કહેવામાં આવ્યું છે. શિવસેનાના સભ્યને ટાંકીને એક અખબારે કહ્યું છે કે બાલા સાહેબના અવસાન બાદ મરાઠી લોકો માને છે કે તેઓ અનાથ અને બિનસુરક્ષિત થઈ ગયા છે. હવે એક સામાન્ય હિત માટે બંનેએ હાથ મિલાવી દેવા જોઈએ.

આનાથી મહારાષ્ટ્રના લોકોને ફાયદો થશે. જો કે સેનાના સભ્યોએ કહ્યું છે કેજો આ કઝીન ભાઈ હાથ મિલાવશે તોતેઓ ૨૦૧૪નીલોકસભાની ચૂંટણી બાદ જ શક્ય બનશે. સામાન્ય ચૂંટણીમાં વધુ સીટ જીતી શકાય તે

હેતુસર ગણતરી કરવામાં આવશે. તેઓ એકબીજાની શક્તિને પણ પહેલા ચકાસવા માગે છે. બાલા સાહેબ ઠાકરે વગર આ પ્રથમ વખતની ચૂંટણી રહેશે. બાર્ગેનીંગ પાવર અંગે નિર્ણય લેવા માટે પણ આ બાબત મહત્વપૂર્ણ રહેશે. મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના એક ધારાસભ્યે કહ્યું છે કે બંને વચ્ચે કોઈપણ યુદ્ધ વિરામની બાબત ભવિષ્યમાં જ શક્ય બની શકે છે. હાલમાં આવી કોઈ શક્યતા દેખાઈ રહી નથી. તેમની તકોને વધારવા બંને ભાઈ એક સાથે આવે તેવી રજૂઆત દિનપ્રતિદિન થઈ રહી છે. જો કે મતભેદો વહેલી તકે દૂર થાય તેવા સંકેત દેખાઈ રહ્યા નથી. સંબંધિત પક્ષોમાં બંનેએ જુદી જુદી ટીમો બનાવી દીધી છે. મર્જ થવાની સ્થિતિમાં તેમને એક સાથે ચાલવાની બાબત ખૂબ જ મુશ્કેલ છે. ચૂંટણી પહેલાની વ્યવસ્થા અથવા તો ચૂંટણી બાદની વ્યવસ્થા શક્ય રહેલી છે. અત્રે ઉલ્લેખનીય છે કે બાલ ઠાકરેના અવસાન બાદ શિવ સૈનિકો પણ હવે ચિંતિત દેખાઈ રહ્યા છે. તેઓ માને છે કે માત્ર મુંબઈમાં જ નહીં મહારાષ્ટ્રમાં પણ તેમની તાકાત બાલ ઠાકરે બાદ ઘટી જશે આવી સ્થિતિમાં શિવસેના અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેના એક સાથે આવે તે જરૂરી છે.

મુખ્યમંત્રી નીતિશ કુમારનો નિર્ણય

છઠ્ઠ બનાવ બાદ ડિનર પાર્ટીને રદ્દ કરી દેવાઈ

નવી દિલ્હી,તા. ૨૦

બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારે આજે સંસદના સભ્યો અને પક્ષના ધારાસભ્ય માટેની ડિનર પાર્ટી રદ્દ કરી દીધી હતી. છઠ્ઠ મહોત્સવમાં પટણામાં ગઈકાલે ભાગદોડ દરમિયાન ૧૮ લોકોના મોત થઈ ગયા બાદ આ ડિનર પાર્ટી રદ્દ કરવામાં આવી છે. મોટાભાગના બાળકો અને મહિલાઓ સહિત ૧૮ લોકોના ગઈકાલે મોત થયા હતા. ૨૧મી નવેમ્બરના દિવસે ડિનર પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતુ. સત્તામાં જેડીયુના સાત વર્ષની પૂર્ણાહૂતિના પ્રસંગે આ ડિનર પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેડીયુના પ્રવક્તા સંજયસિંહે કહ્યુ છે કે છઠ્ઠના દિવસે બનેલી ઘટનાથી તમામ લોકો આઘાતમાં ગરકાવ થઈ ગયા છે. આ જ કારણસર ડિનર પાર્ટી રદ્દ કરવામાં આવી છે. મુખ્યમંત્રી નીતિશકુમાર ભારે આઘાતમાં છે. ભાગદોડના બનાવમાં તપાસનો આદેશ પણ કરાયો છે. દરમિયાન બનેલા બનાવે લઈને આક્ષેપ પ્રતિઆક્ષેપનો દોર શરૂ થઈ ગયો છે. યોગ્ય વ્યવસ્થા નહી હોવાનો આક્ષેપ હવે સપાટી પર આવ્યો છે. જો કે તંત્ર દ્વારા આને રદિયો આપવામાં આવ્યો છે. તપાસ બાદ જ વાસ્તવિક કારણ જાણી શકાશે.

છઠ-દુર્ઘટનાનો સંદેશ (પાના નં. ૪ નું ચાલુ)

આ વખતે છઠ મહોત્સવની પૂર્વ તૈયારીની જવાબદારી રાજયના નાયબ મુખ્યમંત્રી સુશીલકુમાર મોદીને શીરે હતી, કારણ કે, રાજયના મહત્વાકાંક્ષી મુખ્યમંત્રી નીતીશકુમાર પાકિસ્તાનની સદ્‌ભાવના યાત્રા પર ગયેલા હતા. છઠ મહોત્સવની પૂર્વ સંધ્યાએ પરત આવી ગયેલા મુખ્યમંત્રીએ ગંગા કિનારે ઊજવાઈ રહેલી છઠની અદાલતગંજ ઘાટ પર બનાવાયેલ વાંસનો પુલ ઘસારાને કારણે નમી જતાં ઉત્સવ ઘેલાં લોકોમાં ભાગંભાગ મચી જવા પામી હતી. ગંગાનાં વહેણ સુધી પહોંચી શકાય એટલા સારૂં આ અસ્થાયી પુલ બનાવાયો હતો. કિનારા પર કીચડ થઈ ગયો હોઈ લોકોને આ 'સુવિધા' ઉપલબ્ધ કરાવાઈ હતી. પરંતુ ધસારો વધી પડતાં પુલ નમી ગયો એથી લોકોમાં ભારે ગભરાટ અને અંધાધૂંધી ફેલાઈ ગઈ હતી. માથે પૂજા સામગ્રીની મોટી મોટી ટોપલીઓ ઊંચકીને બાળકો સાથે પુલ પરથી પસાર થઈ રહેલી મહિલાઓએ ભયભીત થઈ જીવ બચાવવા નાસભાગ મચાવી દેતાં ગંગા કિનારાને શહેર સાથે જોડતી ગલીના સાંકડા રસ્તામાં લોકો ગબડી પડ્યાં, કચડાઈ મૂઆં અને કેટલાંક તો નદીના કીચડમાં ફસાઈ ગયાં. આવા બનાવો બને છે ત્યારે કોઈ કોઈનું 'સગું' કે 'વહાલું' રહેતું નથી. નીચે ગબડી પડેલાં પર થઈને પાછળ ધસી આવતું ટોળું આગળ વધતું જાય છે. પરિણામે ભારે જાનહાનિ થતી હોય છે. આવા બેકાબૂ ટોળાને નિયંત્રણમાં રાખવાનું પોલીસને પણ ભારે પડી જતું હોય છે. અગાઉનાં વર્ષોમાં હરદ્વાર અને નાસિકના કુંભ મેળાઓમાં અને નૈના દેવીના મંદિરમાં તથા આપણા ડાકોરના રણછોડરાયજીના મંદિરમાં આવી દુર્ઘટનાઓ બનેલી છે. તંત્ર ગમે તેટલી સાવચેતી રાખે તો પણ આવા પ્રસંગોએ 'સમય' અને 'મુહૂર્ત' સાચવી લેવાની ગણતરીથી ઊધું ઘાલીને આગળ ધસતા બેકાબૂ બની ગયેલા જનપ્રવાહને નિયંત્રિત કરવાનું એને માટે અઘરૂં બની જતું હોય છે. પટણાની આ ગોઝારી દુર્ઘટનાએ ઓછામાં ઓછા બે ડઝન જીવોનો ભોગ લીધો છે. મરનારામાં મોટાભાગે સ્ત્રીઓ, વૃધ્ધો અને બાળકોનો સમાવેશ થાય છે. દુર્ઘટના બની ગયા પછી ઘાયલોને સમયસર જરૂરી સારવાર મળે એ દિશામાં સામુહિક પ્રયત્નો થવા જોઈએ. એને બદલે આપણા રાજકારણીઓ મડદાં પર રોટલાં શેકવા લાગ્યા છે. લાલુ યાદવે આ વખતે દિલ્હીના એમના નિવાસ સ્થાને જ છઠ ઊજવી છે. એમણે સમાચાર મળતાંની સાથે મુખ્યમંત્રી પર આક્ષેપોની ઝડી વરસાવી દીધી છે અને પ્રજાને મોતના મોઢામાં ધકેલી દેવા બદલ એમના રાજીનામાની માંગણી કરી દીધી છે.

આપણી લોકશાહી ધીરે ધીરે ઠોકશાહી અને ટોળાશાહીમાં ફેરવાઈ રહી છે. પ્રજામાં પણ એક આગવો સ્વ - વિવેક, આત્મસંયમ હોવો જોઈએ, એને ઠેકાણે લોકો બેજવાબદાર પણે વર્તતા રહે છે અને પરિણામે પોતે જ પોતાના પગ પર કુહાડો મારતાં ફરે છે. નેતાઓ આવા પ્રસંગની ગંભીરતા કે કરૂણતાનો મલાજો રાખ્યા વગર સીધા જ એમનું રાજકારણ રમવા લાગે છે. આ આપણા વર્તમાન સમાજ અને રાજકારણનું વરવું વાસ્તવિક ચિત્ર છે. જો આવા વખતે સંયમ પૂર્વક વ્યવસ્થામાં રહેલી કચાશ અને ભૂલોનો અભ્યાસ કરી તંત્ર આગામી આયોજનો વખતે પૂરતી સાવચેતી જાળવે અને લોકો પણ તંત્ર સાથે સહયોગ કરે તો આવી દુર્ઘટનાઓનું પુનરાવર્તન થતું જરૂર અટકાવી શકાશે. માત્ર મૃતકોને બે-બે લાખનું વળતર આપી દેવાથી પ્રશ્ન ઊકલી જવાનો નથી, તે તંત્રે સમજી લેવાની જરૂરી છે.

ઇન્ફોસિસ, ટીસીએસમાં ભરતીની ગતિ ધીમી પડી

બેંગ્લોર,તા. ૨૦

ટોચની આઈટી કંપનીઓમાં હાલમાં મંદી જોવામળી રહી છે આ જ કારણસર ભરતીની ઝુંબેશ પણ ધીમી ગતિએ થઈ ગઈ છે. ઈન્ફોસિસ, ટીસીએસ અને વિપ્રો જેવી ટોચની ભારતીય આઈટી કંપનીઓ આઈટી પ્રોફેશનલોની ભરતી કરવાના મામલે ધીમી ગતિએ આગળ વધી રહી છે. વિપ્રો દ્વારા ભરતીનો રેટ પણ સપ્ટેમ્બરના ત્રિમાસિક ગાળામાં ૧૪.૬ ટકા સુધી થઈ ગયો છે જે છેલ્લા નાણાંકીય વર્ષના પ્રથમ છ મહિનાના ગાળામાં ૨૧-૨૨ ટકાનો દર હતો. દેશની સૌથી મોટી આઈટી કંપની ટીસીએસમાં રેટ ઘટીને ૧૧.૧૪ ટકા થઈ ગયો છે જે ગયા વર્ષે જુનના ત્રિમાસિક ગાળામાં ૧૪.૮ ટકા હતો. આવી જ રીતે અન્ય કંપનીઓની પણ હાલત ક્ફોડી બનેલી છે. વિપ્રો ટેકનોલોજીમાં વરિષ્ઠ વીપી-એચઆર સૌરભ ગોવિલે કહ્યુ છે કે વિપ્રો દ્વારા પણ ભરતીની ઝુંબેશ હાલમાં ધીમી કરી દેવામાં આવી છે. કંપનીમાં સપ્ટેમ્બરના ત્રિમાસિક ગાળામાં ભરતી પ્રક્રિયા ૧૨ ટકા થઈ ગઈ છે જે ૩૬ મહિનાની નીચી સપાટી છે.

અજમેરમાં દરગાહ ક્ષેત્રમાં ત્રણ પાકિસ્તાનીની ધરપકડ

અજમેર,તા. ૨૦

ભારત અને પાકિસ્તાન વચ્ચેની ક્રિકેટ શ્રેણીની શરૂઆત આડે હજુ ઘણા દિવસ રહ્યા છે ત્યારે ઈન્ટલિજન્સની ચેતવણી મુજબ હાથ ધરવામાં આવેલી તપાસના ભાગરૂપે સ્થાનિક ઈન્ટલિજન્સ યુનિટે યોગ્ય દસ્તાવેજ વગર દરગાહ બજાર વિસ્તારમાં ફરતા ત્રણ પાકિસ્તાની નાગરિકોની અટકાયત કરી લીધી છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે નવી દિલ્હીમાં એક એક્ઝીબિશનમાં ભાગ લેવા માટે તેઓ આવ્યા હતા. માત્ર અમૃતસર, દિલ્હી અને જયપુરની મુલાકાત લેવા માટે જ તેમને પરવાનગી આપવામાં આવી હતી. ટોચના અધિકારીઓ હવે અહીંની મુલાકાતના કારણો જાણવા મથામણ કરી રહ્યા છે. કેન્દ્ર સરકારને પણ આ અંગે જાણ કરવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા મુજબ આઈબીને એવી બાતમી મળી હતી કે દરગાહ બજારમાં આવેલા ત્રણ લોકો કોઈપણ જગ્યાએ ઘૂસણખોરી કરી શકે છે. આ લોકોએ પાકિસ્તાની નાગરિક તરીકે પોતાને રજૂ કર્યા હતા.

એક અધિકારીએ કહ્યું છે કે અજમેરમાં પાકિસ્તાની વિઝિટર અંગે કોઈપણ માહિતી ન હતી જેથી એલર્ટની જાહેરાત કરવામાં આવી હતી. ઝડપાયેલા ત્રણે શખ્સોએ પોતાના પાસપોર્ટ દર્શાવ્યા હતા જેમાં જણાવાયું હતું કે તેઓ પાકિસ્તાનના સુહાગન મોહલ્લા હરિપુરાના નિવાસી છે. ત્રણેની ઓળખ કરી લેવામાં આવી છે જે પૈકી એક અમઝીદ ઈકબાલ, ફકરે અલમ અને મલીક મોહમ્મદનો સમાવેશ થાય છે. તેમણે કહ્યું છે કે તેઓ કારોબારીઓ છે અને સોમવારે જયપુર પહોંચ્યા હતા. જ્યાંથી તેઓ અજમેર દરગાહ પર આવ્યા છે. અજમેરની યાત્રા કરવા માટે વધારાની પરવાનગી લેવી પડે છે તેનાથી તેઓ વાકેફ ન હતા. હાલમાં જ યોગ્ય દસ્તાવેજ નહીં હોવાના કારણસર ઘણા પાકિસ્તાની લોકોની ધરપકડ કરવામાં આવી છે. બીજી બાજુ ભારત અને પાકિસ્તાની શ્રેણી પહેલા સરકારે પણ તકેદારીના પગલાં લીધા છે. વિઝા અરજીવેળા પણ ઘણી શરતો ક્રિકેટ ચાહકોને પણ પાળવી પડશે.

Hello ફ્રેન્ડસ! (પાના નં. ૪ નું ચાલુ)

સેવકે એ દ્રાક્ષ લઈ લીધી, એ અત્યંત ખુશ થયો પણ એને થયું આ દ્રાક્ષ આપણે ખાવી યોગ્ય નથી, એ તો ગુરૂજીને જ અપાય, એટલે એમનો આશીર્વાદ મળે અને આપણે સુખી રહીએ...

સેવકે દ્રાક્ષ ગુરૂજીને ભેટ આપી દીધી. ગુરૂજી એ દિવસે એક ખુબ બિમાર વ્યક્તિની ખબર કાઢવા જાય છે અને જતી વખતે પેલાંને કંઈક આપીએ એ આશયથી દ્રાક્ષનો ટોપલો સાથે લેતાં જાય છે. ગુરૂજી ખબર કાઢી પેલાંને દ્રાક્ષ આપીને પરત ફરે છે... પણ, પેલો બિમાર વ્યક્તિ વિચાર કરે છે કે જે નર્સ મારી આટલી સેવા ચાકરી કરે છે, જેને હું સો રૂપિયાય આપી શકું એમ નથી તો કંઈ નહીં તો આટલી દ્રાક્ષ તો એને આપું, એટલું જ બચારીને સારૂં લાગશે...

દર્દીએ પેલી દ્રાક્ષનો ટોપલો નર્સને આપી દીધો. બહેન તો પેલો દ્રાક્ષનો ટોપલો ઘરે લઈ ગયાં અને એમનાં જવાન છોકરાને આપીને કીધું બધાંને સરખે ભાગે વહેંચી ખાઈ લો... પેલો જુવાન તો દ્રાક્ષનો ટોપલો લઈ મંદિરે પહોંચ્યો... ફરી પેલાં જ સેવકે બારણું ખોલ્યું. પેલાં યુવાને કીધું, 'આ દ્રાક્ષનો ટોપલો મારાં તરફથી તમને દિવાળી ભેટ.' યાદ છે તમને એક દિવસ અમારાં ઘરમાં ખાવા અન્નનો દાણોય નહોતો અને તમે એ દિવસે ભૂખ્યા રહી અમારાં પરિવારને જમાડેલો. આજે મારી માતાને દ્રાક્ષ ગિફ્ટમાં મળી છે તે તમને ભેટમાં આપું છું. સ્વીકાર કરો, ના પાડશો નહીં...!!

સેવક તે પેલો દ્રાક્ષો ટોપલો જોઈ અચંબામાં પડી ગયો, એનાં ધ્યાનમાં આવ્યું કે આ એક મોટું વર્તુળ ફરી દ્રાક્ષ પાછી આપણાં જોડે જ આવી એટલે નક્કી આ મારાં જ નશીબની છે!! એ દ્રાક્ષનો ટોપલો લઈ ગુરૂજી જોડે પહોંચ્યો અને બધી વાત કરી...

ગુરૂજી હસ્યા અને બોલ્યાં, 'અરે જેમ આપણાં ભાગનું દુઃખ આપણે કોઈને આપી શકતાં નથી, એમ જ સુખ પણ આપણાં ભાગનું હોય તો ભોગવવાં મળે જે બીજાને આપીએ છીએ એજ આપણી તરફ પાછું આવે છે. તે બધાંને આનંદ આપ્યો એટલે તારી પાસે હરીફરીને આનંદ પાછો આવ્યો. વર્તુળ પુરૂં થયું. આવાં વર્તુળો સતત આપણી સમક્ષ રચાતાં જ હોય છે. એટલે જો આપણને સત્કર્મોનો બદલો જોઈતો હોય તો સત્કાર્યો જ કરતાં રહેવું એ જ આપણી આનંદની દ્રાક્ષ બનીને આપણી જોડે આવશે...!!'

ચૂંટલો :

સંબંધોમાં ગિફ્ટનાં વ્યવહારો કરીએ તો સંબંધ, સંબંધ મટી વ્યવહારોની બેલેન્ટશીટ બને છે. આપણે કરેલાં સત્કાર્યો એ તો ખીણમાં પડઘાં અને અરીસામાંના સ્મિત જેવાં છે, જેવું કરશો એવો જ પડઘો પાડી તમને સુખ કે દુઃખ આપશે.

અવિશ્વાસની દરખાસ્ત મામલે મમતા મક્કમ

કોલકાતા,તા. ૨૦

સંસદનું શિયાળુસત્ર શરૂ થઈ રહ્યુ છે ત્યારે આ સત્ર દરમિયાન યુપીએ સરકારને વધુ મુશ્કેલીમાં મુકવા તાજેતરમાં જ સરકાર સાથે છેડો ફાડનાર મમતા બેનર્જીએ તમામ તૈયારીઓ કરી લીધી છે. હજુ સુધી યુપીએ સરકાર સામે અવિશ્વાસની દરખાસ્ત મામલે ઓછો ટેકો મેળવનાર મમતા બેનર્જીએ કહ્યુ છે કે તે રિટેલમાં એફડીઆઈના મુદ્દા પર યુપીએ સરકાર સામે ડાબેરી પ્રાયોજિત અવિશ્વાસની દરખાસ્તને પણ ટેકો આપવા તૈયાર છે. ડાબેરીઓ પણ અવિશ્વાસની દરખાસ્ત લાવવાની હિલચાલ ધરાવે છે. કોલકાતામાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ આજે કહ્યુ હતુ કે અવિશ્વાસની દરખાસ્ત પર કોઈ પણ પાર્ટી સાથે વાતચીત કરવા તેઓ તૈયાર છે. જો ડાબેરીઓ અવિશ્વાસની દરખાસ્ત લાવશે તો તૃણમુલ આને ટેકો આપશે. અત્રે નોંધનિય છે કે મમતા બેનર્જીની ટીએમસીના લોકસભામાં ૧૯ સાંસદો છે. મલ્ટિબ્રાન્ડ રિટેલમાં ૫૧ ટકા એફડીઆઈ સાથે આગળ વધવાના તેના નિર્ણય સામે મમતા બેનર્જીએ થોડાક સમય પહેલા યુપીએ સરકાર સામે છેડોફાડી લીધો હતો. મમતાનું કહેવું છે કે શિયાળુસત્ર દરમિયાન આક્રમક વલણ અપનાવવામાં આવશે. મમતાનું કહેવું છે કે જો જરૂર પડશે તોતેઓ કોલકાતામાં અલિમુદ્દીન શેરી ખાતે સીપીઆઈએમના હેડક્વાર્ટર પર જવા માટે પણ તૈયાર છે અને તેના સેક્રેટરી બિમન બોસ સાથે વાતચીત પણ કરવામાં આવશે. સીપીઆઈએમને અપીલ સાથે યુપીએ સરકાર સાથે કોઈ લેવાદેવા નથી. મમતાનું કહેવું છે કે જો અમારા પક્ષની અવિશ્વાસ દરખાસ્ત સામે ડાબેરીઓને વાંધો છે તો તેઓ આ દરખાસ્ત લાવી શકે છે અમે ટેકો આપીશું. આમા અમે એવી ખાતરી પણ આપી રહ્યા છીએ કે કોંગ્રેસ સાથે સમજૂતિમાં અધવચ્ચે ખસી જઈશું નહીં. જો મુદ્દો એક સમાન છે તો તેમની દરખાસ્તને ટેકો આપવા સામે કોઈ વાંધો નથી. મમતા બેનર્જીએ અગાઉ સીપીઆઈએમના ગુરૂદાસ દાસ ગુપ્તા સાથે ફોન પર વાતચીત કરી હતી અને દરખાસ્ત માટે ટેકો માગ્યો હતો જો કે સીપીઆઈએમે મમતાની આવિશ્વાસની દરખાસ્તને ટેકો નહીં આપવાની વાત કરી છે. સીપીઆઈએમના નેતા પ્રકાશ કારતનું કહેવું છે કે હાલના તબક્કે યુપીએ સામે અવિશ્વાસની દરખાસ્તનો કોઈ મતલબ નથી કારણ કે સરકાર સભ્યો ધરાવે છે. અત્રે નોંધનિય છે કે તૃણમુલ ૨૨મી નવેમ્બરથી શરૂ થતા શિયાળુ સત્ર દરમિયાન મનમોહનસિંહ સરકાર સામે અવિશ્વાસની દરખાસ્ત લાવવા ઈચ્છુક છે.

ઓક્ટોબર મહિનામાં વિમાની પ્રવાસીમાં ૧૫ ટકાનો ઘટાડો

નવી દિલ્હી,તા. ૨૦

સ્થાનિક એરલાઈન ટ્રાફિકમાં ઓક્ટોબર મહિનામાં ૧૫ ટકાનો ઉલ્લેખનિય ઘટાડો થયો છે. આ સેક્ટરમાં આ વર્ષે ઘટાડો થવા માટે ઘણા પરિબળો જવાબદાર રહ્યા છે. એકબાજુ વૈશ્વિકબજારોમાં મંદીની અસર દેખાઈ રહી છે. કમાણીના સાધનો ઘટ્યા છે. બીજીબાજુ એરઈન્ડિયાએ તેની માર્કેટ હિસ્સેદારીમાં સતત સુધારો કર્યો છે. તેની હિસ્સેદારી ૨૦.૮ ટકા થઈ ગઈ છે. ઓક્ટોબર મહિનામાં કિંગફિશર એરલાઈન્સની બાદબાકી રહી છે જેથી અન્ય સ્થાનિક એરલાઈન્સની માર્કટ હિસ્સેદારીમાં વધારો થયો છે. ગયા ઓક્ટોબર મહિનામાં ટ્રાફિક ૫૪.૦૧ લાખ હતો જે હવે ૨૦૧૨માં ઓક્ટોબરમાં ૪૫.૫૫ લાખ વિમાની યાત્રીઓ નોંધાયા છે. તહેવારની સિઝન હાલમાં જ પૂર્ણ